# અમદાવાદ–રાજકોટ રસ્તાનું છ–માર્ગીયકરણ ની ટુંકમાં વિગત

- અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કામમાં કુલ ૨૭૨.૪૧ હેકટર જમીન સંપાદન કરવાની જરૂર હતી અને તે ૩૯ ગામમાં કરવાની હતી.
- જમીન સંપાદનની પ્રક્રિયામાં ઘણા ખરા ગામોમાં વાંધા અરજી આવેલ હતી. વિલંબ થવાના મુખ્ય કારણોમાં રીસર્વે પ્રમોલગેશન થવાના લીધે કબજા ઉલટ સુલટ થયેલ હતા જેના કારણે અમુક સર્વે નંબરોનું ફરીથી 3એ અને 3ડી કરવાની ફરજ પડેલ હતી તેમજ અમુક સરવે નંબરોની હિસ્સા માપણી થઈ ન હોવાથી એવોર્ડ જાહેર થઈ શક્યો ન હતો.
- અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કામમાં મોટાભાગના ગામોમાં સ્થાનિક લોકો દ્વારા કોઈ ચોક્કસ મુદા પર વિરોધ કરવામાં આવેલ ન હતો ફક્ત જમીન સંપાદન થતા ખાતેદારો દ્વારા પોતાની સંપાદિત થતી જમીન બચાવવા કે જમીનનુ વળતર વધારે મેળવવા માટે સ્થાનિક રીતે વિરોધ થયેલ. વિશેષ કરીને કુવાડવા, પાણશીણા, સરી જેવા ગામોમાં સ્થાનિકો દવારા વિરોધ કરવામાં આવેલ હતો.
- અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કામ કુલ ૬૩૩.૮૫૪ હેકટરમાં ૧૪૮.૮૧૮ કિ.મી. માટે ફોરેસ્ટ કલીયરન્સની જરૂરીયાત હતી.
- કોરોના મહામારીની શરૂઆત ડિસેમ્બર ૨૦૧૯ માં થઇ હતી અને ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ જાન્યુઆરી–૨૦૨૦ માં આવતાં ભારત સરકારે સમગ્ર દેશ માં માર્ચ–૨૦૨૦ થી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરેલ હતુ. જેના કારણોસર મજુરોનું સ્થળાંતર થતાં કામગીરી સ્થગિત થતા વિલંબ થયેલ છે. ભારત સરકારના તા.૩/૬/૨૦૨૦ ના પરિપત્ર અનુસાર ૯૦ દિવસની સમયમર્યાદામાં છુટછાટ આપવામાં આવેલ હતી. જેના આધારે ગુજરાત સરકાર દવારા તા.૨૪/૦૩/૨૦૨૨ ના ઠરાવથી તા.૧/૧/૨૦૨૧ ની સ્થિતિએ પ્રગતિમાં હોય તેવા કામો માટે તા.૧/૧/૨૦૨૧ થી ૩૦/૦૯/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરેલ કામગીરી માટે છુટછાટો આપવામાં આવેલ.
- અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કામમાં હાલની પરિસ્થિતિએ અંદાજે ૫૩,૪૯૦ પી.સી.યુ જેટલો ટ્રાફિક છે.
- અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કારણે રાજય સરકારને વાર્ષિક આશરે રૂ.૩૯૪.૯૫ કરોડની ટોલની આવક થવાનો અંદાજ છે.